# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/263 Dt. 24/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા ૯મો નેશનલ એચ.આર. કોન્કલેવ ૨૦૨૫ યોજાયો

### સોસાયટીને રોબોટ્સ નહીં પરંતુ સંવેદનશીલ અને વિચારશીલ હ્યુમન બીઈંગ્સની જરૂર છે, સાચો લીડર પોતાના પછી પણ સંસ્થા મજબૂત રહે તેવી સસ્ટેનેબલ સિસ્ટમ ઉભી કરે છે : ઇન્ડિયન નેવીના ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ એડમાઇરલ શ્રી દિનેશ કે. ત્રિપાઠી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ૯મા નેશનલ એચ.આર. કોન્કલેવ ૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઇન્ડિયન નેવીના ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ એડમાઇરલ શ્રી દિનેશ કે. ત્રિપાઠીએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી સુરતના ઉદ્યોગ સાહસિકો અને એચ.આર. પ્રોફેશનલ્સને લિડરશિપ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

ઇન્ડિયન નેવીના ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ એડમાઇરલ શ્રી દિનેશ કે. ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, ઇન્ડિયન નેવી યુવાન વયથી જ લીડર તૈયાર કરે છે, જે જીવનમાં સમય અને જવાબદારીનું મહત્વ સમજાવે છે. નેવીમાં લોકો લીડરને માત્ર અનુસરતા જ નથી, પરંતુ તેની પાસેથી શિસ્ત, વિચારશીલતા અને નિર્ણયક્ષમતાનું ઘડતર પણ કરે છે. નેવીમાં લીડરશિપનું તાલીમ મોડેલ સાયન્ટિફિક અને મેથેમેટિકલ એપ્રોચ પર આધારિત છે. લીડર ખાસ કરીને સ્પષ્ટ કોમ્યુનિકેશન, જોખમ લેવાની ક્ષમતા અને યોગ્ય વિચારવિમર્શ બાદ નિર્ણય લેવાની પ્રક્રિયા

પર ભાર મૂકે છે. કોઈપણ નિર્ણય લેતા પહેલા તેની અસર સમગ્ર ચેઇનના છેલ્લા વ્યક્તિ સુધી કેવી રીતે પડશે, તે બાબતનું ખાસ ધ્યાન રાખીને વિશ્લેષણ કરવામાં આવે છે.

'બનિયાન ટ્રી ફંડા' અંગે સમજાવતાં તેમણે જણાવ્યું હતું કે, જેમ બનિયાનનું ઝાડ લોકોને છાંયો આપે છે, તેવી જ રીતે એક સારો લીડર પોતાની ટીમને સુરક્ષા અને વિશ્વાસ આપે છે. લીડર ટીમના દરેક સભ્યને સાથે લઈને ચાલે છે અને દરેકને સામેલ કરવાની ભાવના રાખે છે. સાચો લીડર પોતાના પછી પણ સંસ્થા મજબૂત રહે તેવી સસ્ટેનેબલ સિસ્ટમ ઉભી કરે છે. એક અસરકારક લીડર પોતાના કામમાંથી અંદાજે ૭૦ ટકા કામ ડેલીગેટ કરીને મેનેજ કરે છે, જેથી ટીમમાં જવાબદારીની ભાવના વિકસે અને નેતૃત્વ ક્ષમતા ઉદ્ભવે.

એડમાઇરલ ત્રિપાઠીએ વધુમાં જણાવ્યું હતું કે, લીડર હંમેશા ફ્લેક્સિબલ વિચારધારા સાથે આગળ વધે છે અને તેનું વિઝન સ્પષ્ટ હોવું જરૂરી છે. એના માટે સતત ક્વોલિટી લર્નિંગ લેવું અનિવાર્ય છે. સોસાયટીને રોબોટ્સ નહીં પરંતુ સંવેદનશીલ અને વિચારશીલ હ્યુમન બીઈંગ્સની જરૂર છે તેમ જણાવી તેમણે ઉદ્યોગ સાહસિકો, એચ.આર. પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓને વધુને વધુ પુસ્તકો વાંચવાની સલાહ આપી હતી.

આ કોન્કલેવમાં Accenture India ના સિનિયર MD અને CHRO સુશ્રી લક્ષ્મી સી., એલ એન્ડ ટી પિસિજન એન્જીનિયરીગ એન્ડ સિસ્ટમ્સના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ એન્ડ હેડ શ્રી અરૂણ રામચંદાની અને પિપલ મેટર્સના સીઇઓ શ્રી પુષ્કરાજ બિડવાઇ કોન્કલેવમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. સોલેક્ષ એનર્જી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર ડો. ચેતન શેઠ વકતા તરીકે હાજર રહયા હતા.

Accenture India ના સિનિયર MD અને CHRO સુશ્રી લક્ષ્મી સી. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. તેમણે Values Over Velocity: Building Ethical Cultures in a High-Speed Business World અંગે જણાવ્યું હતું કે, એચ.આર. લીડર સંસ્થામાં એક મજબૂત એથિકલ કલ્ચર ઉભું કરે છે, જેમાં કર્મચારીઓ નિર્ભયતાથી પોતાની વાત મૂકી શકે, જવાબદારી સ્વીકારે અને સંસ્થાના હેતુ સાથે જોડાઈને કાર્ય કરે. લીડરશિપની ભૂમિકા અહીં મહત્વપૂર્ણ હોવાનું જણાવી તેમણે કહ્યું હતું કે, લીડરે પોતાના વર્તન દ્વારા મૂલ્યોનું જીવંત ઉદાહરણ પૂરું પાડવું જોઈએ. સંસ્થાઓમાં એચ.આર. પ્રોફેશનલ્સ બેલેન્સ બનાવી વેલ્યુ જાળવી રાખે છે.

એલ એન્ડ ટી પિસિજન એન્જીનિયરીગ એન્ડ સિસ્ટમ્સના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ એન્ડ હેડ શ્રી અરૂણ રામચંદાનીએ 'પ્લેનેટ પોઝીટીવ બિઝનેસઃ બિલ્ડીગ સસ્ટેનેબલ વર્કપ્લેસિસ ફોર અ બેટર ટુમોરો' વિષે જણાવ્યું હતું કે, આજે વ્યવસાયિક વિકાસ સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવવી અનિવાર્ય બની ગઈ છે. સસ્ટેનેબલ વર્કપ્લેસિસ કર્મચારીઓની આરોગ્ય, સુરક્ષા અને ઉત્પાદકતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ અને પર્યાવરણ પ્રત્યેની સંવેદનશીલતા દ્વારા સંસ્થાઓ ભવિષ્ય માટે મજબૂત પાયો તૈયાર કરી શકે છે. આજના નિર્ણયો આવનારા સમયને આકાર આપશે. તેથી, લાંબા ગાળાની દૃષ્ટિ સાથે પર્યાવરણ, લોકો અને નફા વચ્ચે સંતુલન સાધવું એ જ એક સારો અને જવાબદાર વ્યવસાય મોડેલ છે.

પિપલ મેટર્સના સીઇઓ શ્રી પુષ્કરાજ બિડવાઇ કોન્કલેવમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. તેમણે 'પ્રોફીટ વીથ પર્પઝ : રિડિફાઇનીગ પિપલ સ્ટ્રેટેજી ફોર ધ ફયુચર' વિષે જણાવ્યું હતું કે, સંસ્થાઓએ એમ્પ્લોયી

એન્ગેજમેન્ટ, સ્કિલ ડેવલપમેન્ટ અને લીડરશિપ પાઇપલાઇન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જ્યારે કર્મચારીઓ સંસ્થાના પર્પઝ સાથે જોડાય છે, ત્યારે પ્રોડક્ટિવિટી, ઇનોવેશન અને વિશ્વાસ સ્વાભાવિક રીતે વધે છે. તેમણે જણાવ્યું હતું કે, ભવિષ્યની સફળ સંસ્થાઓ એવી હશે, જે બિઝનેસ ગ્રોથ સાથે માનવ સંસાધનને કેન્દ્રસ્થાને રાખશે. લોકો માત્ર ખર્ચ નહીં, પરંતુ સંસ્થાની સૌથી મોટી મૂડી છે – આ સમજણ સાથે જ પિપલ સ્ટ્રેટેજીનું પુનઃઆયોજન કરવું જરૂરી છે.

સોલેક્ષ એનર્જી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર ડો. ચેતન શેઠે એચ.આર. એઝ બ સ્ટ્રેટેજિક બિઝનેસ પાર્ટનર વિષે વિસ્તૃત સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક વ્યવસાયિક ક્ષેત્રે હ્યુમન રિસોર્સ વિભાગ માત્ર વહીવટી કામગીરી સુધી સીમિત નથી રહ્યો, પરંતુ તે સંસ્થાની રણનિતિક બિઝનેસ ભાગીદારી તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. સંસ્થાના લક્ષ્યો સિદ્ધ કરવા માટે એચ.આર.ને બિઝનેસની સમજ અને ડેટા આધારિત અભિગમ સાથે કાર્ય કરવું જરૂરી છે. યોગ્ય ટેલેન્ટ મેનેજમેન્ટ, સ્કિલ ડેવલપમેન્ટ અને કામગીરી મૂલ્યાંકન દ્વારા એચ.આર. સીધે જ વ્યવસાયિક વૃદ્ધિમાં યોગદાન આપી શકે છે.

કોન્કલેવ દરમ્યાન એચ.આર. સંબંધિત વિવિધ વિષયો પર પેનલ ડિસ્કશન યોજાઇ હતી, જેનું સંચાલન ચેમ્બરના ગૃપ ચેરમેનો શ્રી મૃણાલ શુકલ અને શ્રી ચિરાગ દેસાઇએ કર્યું હતું. આ પેનલ ડિસ્કશનમાં એલ એન્ડ ટી હેવી એન્જીનિયરીંગના હયુમન રિસોર્સ એન્ડ ઓર્ગેનાઇઝેશનલ એકસલન્સના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી મનિષ ગૌર, ખજાના ગૃપના ડિરેકટર શ્રી બિષ્ણુરામ અગ્રવાલ, આઇ.એસ.પી. ગ્લોબલ કન્સલ્ટીંગ પ્રા.લિ.ના ડિરેકટર એચઆર એન્ડ બીઓ સુશ્રી ધારા ઉપાધ્યાય યાદવ, પી.પી. સવાણી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ અને એકઝીકયુટીવ ડીન ડો. પરાગ સંઘાણી, એકુટાસ લિમિટેડના એચ.આર. હેડ શ્રી હેમંત પટેલ અને લેબર લો એડવાઇઝર અને નવી દિલ્હીની લેબર લો ઇન્સ્ટીટયુટના પેનલ મેમ્બર શ્રી સોહેલ સવાણીએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ મુખ્ય અતિથિ એડમાઇરલ દિનેશ કે. ત્રિપાઠીનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ અતિથિ વિશેષ શ્રી અરૂણ રામચંદાનીનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ અતિથિ વિશેષ શ્રી પુષ્કરાજ બિડવાઇનો પરિચય આપ્યો હતો.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી મૃણાલ શુકલએ અતિથિ વિશેષ સુશ્રી લક્ષ્મી સી.નો પરિચય આપ્યો હતો. કોન્કલેવ ૨૦૨૫–૨૬ના ચેરમેન શ્રી અતુલ પટેલે વકતા ડો. ચેતન શેઠનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની એચ.આર. એન્ડ ટ્રેઇનીગ કમિટીના ચેરમેન ડો. નિરવ મંડિરે કોન્કલેવની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ ઉપસ્થિત સર્વેનો આભાર માની કોન્કલેવનું સમાપન કર્યું હતું. ચેમ્બરના સભ્યો સુશ્રી ગુંજન પટેલ અને શ્રી વિશાલ શાહે કોન્કલેવનું સંચાલન કર્યું હતું.